# વિશ્વરંગભૂમિ દિનનો સંદેશો

- બ્રેટ બેઈલી
(દક્ષિણ આફ્રિકાના નાટ્યકાર, લેખક, દિગ્દર્શક)

માનવી ક્યાંય પણ હોય તેની વાતમાં પ્રસ્તુતિનો અદમ્ય જુસ્સો દેખાયા કરશે...

ક્યાંય પણ કોઈ નાના ગામની વૃક્ષોની છાયા નીચે, કે મહાનગરોની ઉચ્ચ ટેકનોલોજી પ્રયોજી, સ્કૂલના ખંડોમાં, ખેતરોમાં અને મંદિરોમાં, શહેરોની ઝૂંપડપટ્ટીઓ અને મોટા મોટા પ્લાઝામાં, સામૂહિક કેન્દ્રોમાં, નાની ગલી કૂંચીઓ વચ્ચે, એના ભંડકિયા વગેરે સર્વ સ્થળે લોકો ભેગા થઈ હળીમળી થિએટરનું એવું જાદુઈ જગત રચી કાઢે- જેમાં માનવીઓની જટિલતા, વિવિધતા, ભય, મૂંઝારા વ્યક્ત થાય, અને જીવતાં - શ્વસતાં માણસો બુલંદ માનવ અવાજે, પોતાની વાત માંડે...

આપણે છૂટે મોંએ રડવું હોય કે કોઈકને અંજલિ આપવી હોય, હસવું હોય, ધ્યાન-પ્રાર્થના કરવાં હોય - કંઈ શીખવું હોય કે પછી કાલ્પનિક જગતમાં રાચતાં રાચતાંય કોઈ નિષ્ઠાની વાત કરવી હોય તો આપણે ટોળે વળીએ છીએ. સૌંદર્ય અને સહાનુભૂતિ, કે આપણી રાક્ષસી વૃત્તિઓને પણ ઊંચે અવાજે વ્યક્ત કરવી હોય તો આપણે સમુદાય વચ્ચે જઈ પહોંચીએ છીએ, અને ત્યારે આપણી શક્તિ વધે છે, ક્ષમતા વધે છે. એ જ રીતે સમૃદ્ધ સાંસ્કૃતિક વૈવિધ્યનો ઉત્સવ માંડવો હોય કે પછી આપણને વિભક્ત કરતી સરહદોને ભૂંસી નાખવી હોય ત્યારે જનસમૂહનો અવાજ ખૂલી જાય છે.

માણસો ક્યાંય પણ હોય તેની વાતમાં પ્રસ્તુતિનો અદમ્ય જુસ્સો દેખાયા કરશે. આપણે સમૂહમાં ઉછર્યા હોઈએ ત્યારે ચહેરા પર એક બીજો ચહેરોય આવી જાય, આપણી પ્રણાલીઓના વાઘા આપણે પહેરી લઈએ, પણ એનાથી આપણી ભાષા, લય, મુદ્રાઓ વિકસે છે અને આપણી વચ્ચે એક નવો અવકાશ ખડો કરી દે છે.

આપણે કલાકારો સનાતન લાગણીઓને વળગી રહી કામ કરીએ છીએ અને એને આપણા અંતઃસ્થલમાં, આપણા વિચારોમાં વ્યક્ત કરી બેસીએ છીએ. આપણી વાસ્તવિકતાનું ક્ષુલ્લકપણું અને એનાં બધાં રહસ્યો આપણા બદનમાંય વ્યક્ત થવાનો રસ્તો શોધી લે છે.

પરંતુ આજના જમાનામાં લાખો લોકો જીવવા માટે સંઘર્ષ કરી રહ્યા છે, દમનકારી તંત્રો, શોષકો અને, મૂડીવાદની એડી તળે જીવી રહ્યાં છે, મહાપરાણે જિવાતા એ જીવનથી ઉગરવા તેઓ મથી રહ્યાં છે. આપણા અંગત જીવનમાં સરકારી સંસ્થાઓ દખલ કરી રહી છે. આપણા શબ્દને નાથવા માટે કાવતરાં કરે છે.

બીજી બાજુ જંગલોનો ધ્વંસ થઈ રહ્યો છે, વંશો અને જાતિઓનું નિકંદન નીકળી રહ્યું છે, સમુદ્રોમાં ઝેર ઠલવાયા કરે છે, એવે સમયે આપણે શું કહી જ દેવું જોઈએ ? આજે સમગ્ર વિશ્વમાં અસમાન સત્તા વ્યાપી છે, એક જ રાષ્ટ્ર, એક જ માનવ વંશ, એક જ જાતિ, એક જ ધર્મ, એક જ વિચારધારા કે કોઈ એક સંસ્કૃતિનું માળખું બીજા બધાં કરતાં ઉત્કૃષ્ટ છે, એવું આપણને ઠસાવવા કેટલાય હુકમો છૂટ્યા કરે છે, એવે સમયે આપણે કહી ન દેવું પડે કે તમારા સામાજિક એજન્ડાઓ તમે રાખો પણ અમારી કલાને મુક્ત કરી દો ?

આપણે શેરી - ગલીઓના અને રંગમંચના કલાકારો, બધાં ખભે ખભો મેળવી બજારોની સૂક્ષ્મ માંગણીઓમાંથી રસ્તો કાઢી આપણામાં હોય એટલી ત્રેવડ સાથે, આપણાં હદય અને માનસમાં જગ્યા ઊભી કરી, આજુબાજુના સર્વ માનવોને એકત્ર કરી એમને પ્રેરણા, આનંદ અને માહિતી આપી ખુલ્લા મનના સહયોગથી આશાભર્યું જગત ઊભું કરી દઈએ ! *

---

*** Translation by Hasmukh Baradi-**
**Director : Theatre Media Centre, Ahmedabad, India.**